CRMA-427-2026

ફોજદારી કેસ નં–૧૧૦/૨૦૨૨ નેગો ઈન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામના આરોપી સત્યપાલ રવિન્દ્રપ્રસાદ રાજગોરનાઓની જામીન અરજી લગત હુકમ.

(૧) આરોપીના વકીલ શ્રીની રજુઆત સાંભળી જેઓએ અરજી અનુસારની રજુઆત કરી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરી છે.

(૧.૨) વધુમાં રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપી સ્થાનિકના રહેવાસી એટલે કે ટ્રાયલ વખતે હાજરી સરળ રહે તેમ છે, આરોપી કુટુંબ–કબીલાવાળા હોઈ પરીવારના સભ્યોની ભરણપોષણની જવાબદારી આરોપીના શીરે રહેલ હોઈ, નાસીભાગી જાય તેવા નથી અને આરોપી સામે આક્ષેપાયેલ ગુનાનો આપ નામદાર કોર્ટને જામીન મુકત કરવાની સત્તાઓ રહેલ છે અને નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ ચુસ્તપણે પાલન કરશે.

(૨) મુળ ફરીયાદીના વકીલ શ્રીએ હાલની અરજીનો વિરોધ કરેલ છે અને અરજી રદ કરવા વિનંતિ કરેલ છે.

(૩) પક્ષકારોના વિધ્વાન વકીલ શ્રીઓની રજુઆતો ઘ્યાને લેતા, તથા હાથ પર ના કેસનુ રેકર્ડ ઘ્યાને લેતા આરોપી સામે ધી નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો આરોપ છે અને આક્ષેપાયેલ ગુનાની મહતમ સજા **૨** વર્ષની છે.વધુમાં આરોપીને સમન્સની બજવણી થયેલ હોવા છતાં હાજર ન રહેતા તેઓ વિરૂઘ્ધ વોરંટ કાઢવામાં આવેલ છે. અને આરોપી વિરૂઘ્ધ વોરંટ કાઢવામાં આવેલ અને સદર વોરંટની બજવણી કરી આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ સંબંઘીત પોલીસ અમલદારે રજુ કરેલ છે. જેથી આરોપીને કસ્ટડીમાં લેવામાં આવેલ છે અને ત્યારથી આરોપી અત્રેની અદાલતની કસ્ટડીમાં છે. વધુમાં, આરોપીના વકીલ શ્રીની રજુઆત અનુસાર આરોપી હવે પછી નિયમીત મુદતે હાજર રહેશે અને નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરવા બાહેધરી અને ખાત્રી આપેલ છે. જે તમામ બાબતો ઘ્યાને લેતા તેમજ ગુનો, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ જેવા વિવિધ

પરીબળો ધ્યાને લેતા તેમજ નામ. સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વિવિધ હાઈકોર્ટોએ જામીન એ નિયમ, જેલ એ અપવાદના પ્રસ્થાપિત સીધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને કડક શરતોને આધિન મોટી રકમના જામીન લઈ જામીન મુકત કરવામાં આવે તો તે કેસના સંજોગો જોતા વ્યાજબી, ન્યાયી અને ન્યાયોચીત જણાય આવે છે. આથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ : –**

આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. વધુમાં, આરોપીએ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના સધ્ધર તેમજ જાત જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ન્યાયના વિશાળ હીતમાં જામીન મુકત કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧). આરોપીએ દરેક મુદતે નિયમીત રીતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ.
૨). આરોપીએ બીન જરૂરી મુદત માગ્યા વિના ટ્રાયલમાં સાથ સહકાર આપવો.
૩). આરોપીએ પોતાના રહેઠાણના હાલના અને કાયમી સરનામા પુરશીશ થી જરૂરી પુરાવા તથા તેઓના મોબાઈલ નંબર સાથે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા.
૪). ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કર્યે થી જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહિ/–
(એમ.બી.પરમાર)
અધિક ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
ગાંધીધામ કચ્છ.
(જીજે૦૦૮૭૧)

તારીખ: –૧૩/૦૩/૨૦૨૬.
સ્થળ : – ગાંધીધામ– કચ્છ